www.kamalamgujarat.com

Saturday
17.10.2020
*Volume :5 * Issue No. 61

Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્ **કમલમ્** વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કોરોનાકાળ વચ્ચે આજથી માં આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીનો પ્રારંભ

ગાંધીનગર,

કોરોનાકાળ વચ્ચે દેશમાં આજથી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. નવરાત્રીનો પર્વ ૯ દિવસ સુધી મનાવવામાં આવે છે. દરરોજ અલગ અલગ માતા એટલે કે દેવીને સમર્પિત છે. એવું કહેવાય છે કે, નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસમાં મા દુર્ગાની ઉર્જા અને શક્તિની પૂજા કરવામાં આવે છે. ચોથા, પાંચમાં અને છઠ્ઠા નોરતે લક્ષ્મીજી અને જીવમાં શાંતિ આપનાર દેવીની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીના સાતમાં દિવસે કલા અને જ્ઞાનની દેવીની પૂજા કરવામાં આવે છે. આઠમના દિવસે માત મહાગૌરીની પૂજા કરવામાં આવે છે અને અંતિમ દિવસ એટલે કે નોમના દિવસે માં સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે.

નવરાત્રિને લઈ ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. સોસાયટી કે ફ્લેટોમાં આરતી કે પૂજા માટે પોલીસની મંજૂરી લેવી જરૂરી નહીં. પરંતુ જાહેર સ્થળો કે માર્ગો અને સાર્વજનિક સ્થાનોમાં માતાજીના સ્થાપન માટે તેમજ આરતી કે પૂજા માટે પોલીસની મંજૂરી ફરજિયાત લેવી પડશે. અત્રે નોંધનીય છે કે, અગાઉ કોરોનાની ગાઈડલાઈનને ધ્યાને રાખી નવરાત્રિમાં દરેક સોસાયટી અને ફ્લેટમાં આરતી અને પૂજાનાં એક કલાકના કાર્યક્રમ માટે ફરજિયાત પોલીસ પરમિશન લેવાની હતી. એ માટે સોસાયટીના લેટરપેડ પર સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીએ ફરજિયાત પોલીસની પરમિશન લેવા જવાનું હતું. પરંતુ હાલમાં જ રાજ્ય સરકારે નવરાત્રિમાં સોસાયટી કે ફ્લેટોમાં આરતી માટે પોલીસની પરવાનગી નહીં લેવી પડે તેવો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં જો સોસાયટી કે ફ્લેટમાં એક કલાકની આરતી કે પૂજાના કાર્યક્રમનું આયોજન કરવું હોય તો ફરજિયાત પોલીસની પરવાનગી લેવાની હતી. એ માટે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી કરવાની હતી. જે અંગે પોલીસ દ્વારા ગાઈડલાઈન પણ આપવામાં આવત. સાથે જો કોઈ સોસાયટીએ એક કલાકનાં આરતી અને પૂજાના કાર્યક્રમ માટે પરમિશન ના લીધી હોત તો તેમની સામે જાહેરનામાંના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવત. પરંતુ અંતે રાજ્ય સરકારે જ નવરાત્રિની પૂજા-આરતીને લઈને મહત્વની જાહેરાત કરી દીધી છે. જેમાં જાહેર માર્ગો સિવાય સોસાયટી કે ફ્લેટોમાં આરતી-પૂજા માટે પોલીસની મંજૂરી લેવી આવશ્યક નહીં હોવાની રજૂઆત કરી છે. આ ઉપરાંત અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે પણ નવરાત્રિને લઈ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ગરબાની પરમિશન નથી આપવામાં આવી. એક કલાકનાં કાર્યક્રમમાં સોસાયટી અને ફ્લેટમાં જ્યારે લોકો આરતી-પૂજા માટે ભેગાં થાય તો તેમને સોશિયલ ડિસ્ટન્સ ફરજિયાત જાળવવું પડશે. આરતીનાં સ્થળ પર સોશિયલ ડિસ્ટન્સ માટે ૬ ફૂટના અંતરનું માર્કિંગ પણ ફરજિયાત છે. આ સાથે માસ્ક અને કોરોનાની અન્ય ગાઈડલાઈનનું પણ લોકોએ ફરજિયાત પાલન કરવું પડશે. પૌરાણિક કથા અનુસાર મહિષાસુર નામનો એક રાક્ષસ હતો જેને ખુબ જ ઘોર તપસ્યા કરીને અગ્નિદેવને પ્રસન્ન કર્યા. અને તેમની પાસેથી એવું વરદાન મેળવ્યું કે તે કોઈ પણ નર જાતિના શસ્ત્રથી મૃત્યું ન પામી શકે. આ વરદાન મેળવ્યા બાદ તે પોતાને ભગવાન સમજવા લાગ્યો અને ત્રણેય લોકોમાં હાહાકાર મચાવી દીધો. તેને બધા જ દેવોને હરાવી દીધા અને બધા જ ઋષિઓના આશ્રમનો પણ નાશ કર્યો. ત્યાર બાદ તેને વિષ્ણુલોક અને કૈલાસ જીતવાનો પણ નિશ્ચય કર્યો. આ વાતની જાણ દેવોને થઈ તો તેઓ બધાં ગભરાઈ ગયાં અને તેઓ ભગવાન શિવ પાસે ગયાં. શિવજીએ બધાને દેવી શક્તિની આરાધના કરવા માટે કહ્યું અને તેમને જણાવ્યું કે આ મુસીબતમાંથી તમને દેવી શક્તિ જ ઉગારી શકે તેમ છે. બધા દેવોએ દેવી શક્તિની આરાધના કરીને તેમને પ્રસન્ન કર્યા અને દેવીએ બધા દેવોને નિર્ભય રહેવા માટે કહ્યું. ત્યાર બાદ દેવી શક્તિએ નવ દિવસ સુધી



મહિષાસુર સાથે યુધ્ધ કર્યું અને દસમા દિવસે તેનો નાશ કર્યો હતો. તેથી દેવી શક્તિને મહિષાસુર મર્દિનીના નામથી પણ ઓળખાય છે. ત્યાર બાદ બધા દેવો અને ત્રણેય લોકોએ ઉત્સવ મનાવ્યો હતો જેને આપણે આજે પણ દશેરા તરીકે ઉજવીએ છીએ.

## જોઈએ છે

### કમલમ દૈનિક

### રાજકોટ માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર
ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર કમલમ દૈનિક તેમજ કમલમ મેગેઝિન





### રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

www.kamalamgujarat.com

## પ્રધાનમંત્રીએ એનએસજીના જવાનોને એનએસજીના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એનએસજી બ્લેક કેટ્સના જવાનો અને તેમના પરિવારોને એનએસજીના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "એનએસજીના સ્થાપના દિવસ નિમિત્તે, એનએસજી બ્લેક કેટ્સના જવાનો અને તેમના પરિવારોને શુભેચ્છાઓ. એનએસજી ભારતની સુરક્ષા તંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તે ખૂબ હિંમત અને વ્યાવસાયીકરણ સાથે સંકળાયેલ છે. ભારતને સલામત અને સુરક્ષિત રાખવા માટે એનએસજીના પ્રયત્નો પર ભારતને ગર્વ છે."

## ભારત અને ચાબહાર બંદર, ઈરાન વચ્ચે માલસામાનની અવર-જવર પર ૪૦%ની છૂટ એક વર્ષ માટે લંબાવવામાં આવી

### શહિદ બહષ્ટી બંદર, ઈરાનથી આવનાર અને જેએનપીટી અને દીનદયાળ બંદરથી ત્યાં જનાર માલસામાન પર છૂટ આપવામાં આવશે



કમલમ દૈનિક,

જહાજ મંત્રાલયે જવાહરલાલ નેહરુ બંદર અને દીનદયાળ બંદર પર /થી શહિદ બહષ્ટી બંદર, ચાબહાર, ઈરાનથી સંચાલિત માલસામાન માટેના ગ્રાહકોને વધુ એક વર્ષ માટે માલવાહક જહાજ અને જહાજને લગતા ખર્ચ માટે દરિયાકાંઠાની ગતિ માટે હાલની ૪૦% છૂટનો લાભ લંબાવ્યો છે. જો ઓછામાં ઓછા 50 TEUs અથવા 5000 MT કાર્ગો શહિદ બહષ્ટી બંદરે લોડ થાય તો રાહત વેસેલ સંબંધિત ચાર્જિસ (વીઆરસી)ની વસૂલાત પ્રમાણસર લાગુ થવાની છે. ભારતીય બંદરો ગ્લોબલ લિમિટેડના સમન્વયમાં બંદરો અંગે સંયુક્ત રીતે એક માનક સંચાલન કાર્યવાહી (એસઓપી) વિકસિત કરશે જે સુનિશ્ચિત કરશે કે ચાબહાર બંદરના શહિદ બહષ્ટી ટર્મિનલ પર ખરેખર ડિસ્ચાર્જ કરાયેલા અથવા ભરેલા માલસામાનને છૂટ આપવામાં આવે.


### છેલ્લા ૧૪ દિવસમાં ૧૧૦૦ કરતાં ઓછો દૈનિક મૃત્યુઆંક નોંધાયો

## દુનિયામાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ સૌથી ઓછી મૃત્યુ સંખ્યા ધરાવતા દેશોમાં ભારતે સ્થાન જાળવી રાખ્યું

### ૨૨ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુદર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો

કમલમ દૈનિક,

દુનિયામાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ સૌથી ઓછી મૃત્યુ સંખ્યા ધરાવતા દેશોમાં ભારતે સ્થાન જાળવી રાખ્યું અને આજે આ આંકડો ૮૧ દર્દીના મૃત્યુનો છે. ૨ ઓક્ટોબરથી સતત દેશમાં દૈનિક મૃત્યુની સંખ્યા ૧૧૦૦ કરતાં ઓછી નોંધાઈ રહી છે. આના કારણે ૨૨ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સ્થિતિમાં સુધારો આવ્યો છે અને અહીં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુદર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો નોંધાયો છે. દર્દીઓના મૃત્યુદરની ટકાવારીમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. વર્તમાન સમયમાં મૃત્યુદર ૧.૫૨% છે જે ૨૨ માર્ચ ૨૦૨૦ પછી સૌથી નીચો આંકડો છે. કોવિડ વ્યવસ્થાપન અને પ્રતિક્રિયા નીતિના ભાગરૂપે, કેન્દ્ર સરકાર દ્વારા કોવિડના સંક્રમણને નિયંત્રણમાં રાખવા ઉપરાંત, મૃત્યુના આંકડામાં ઘટાડો કરવા પર અને કોવિડની તીવ્ર તેમજ ગંભીર અસર ધરાવતા દર્દીઓને ગુણવત્તાપૂર્ણ તબીબી સંભાળ પૂરી પાડીને લોકોના જીવન બચાવવા પર પણ તીવ્ર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો સહિયારા પ્રયાસોના પરિણામે સમગ્ર દેશમાં આરોગ્ય સુવિધાઓ વધુ મજબૂત થઈ શકી છે. ૨૨૧૨ સમર્પિત કોવિડ હોસ્પિટલોમાં ગુણવત્તાપૂર્ણ સારવાર આપવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા તબીબી સારવાર પ્રોટોકોલમાં સારવારના માપદંડોની માર્ગદર્શિકા પર સંમિલિત કરવામાં આવી છે જેના કારણે કોવિડના દર્દીઓની સારવાર માટે તમામ સરકારી અને ખાનગી સુવિધાઓમાં તબીબી સંભાળની પ્રમાણભૂત ગુણવત્તા સુનિશ્ચિત થઈ શકે. મૃત્યુદર ઘટાડવા માટે ગંભીર રીતે પીડાઈ રહેલા દર્દીઓના તબીબી વ્યવસ્થાપનમાં જોડાયેલા ઁઝેંના ડૉક્ટરોની ક્ષમતાનું નિર્માણ કરવા માટે શરૂ કરવામાં આવેલી અનન્ય પહેલરૂપે નવી દિલ્હી સ્થિત એઈમ્સ દ્વારા ઁ-ઝેંનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલ અંતર્ગત અઠવાડિયામાં બે વખત એટલે કે મંગળવારે અને શુક્રવારે ટેલિ/વીડિયો કન્સલ્ટેશન સત્રોનું આયોજન કરવામાં આવે છે જેમાં રાજ્યોમાં આવેલી વિવિધ હોસ્પિટલોમાં ઁઝેંનું સંચાલન કરવા માટે ડૉક્ટરોને માર્ગદર્શન આપવા માટે જે-તે બાબતોના જ્ઞાન અને ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા સલાહસૂચન આપવામાં આવે છે. આ સત્રોની શરૂઆત ૮ જુલાઈ ૨૦૨૦ના રોજથી કરવામાં આવી છે.આજદિન સુધીમાં, આવા ૨૩ ટેલિ-સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૩૪ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલી ૩૩૪ હોસ્પિટલોના ડૉક્ટરોએ ભાગ લીધો છે.નવા પુષ્ટિ થતા પોઝિટીવ કેસોની સરખામણીએ





નવા સાજા થઈ રહેલા દર્દીઓનો આંકડો વધારે જળવાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૭૦,૩૩૮ દર્દીઓ સાજા થઈ ગયા છે જ્યારે ૬૩,૩૭૧ નવા પોઝિટીવ દર્દીઓ નોંધાયા છે. આજદિન સુધીમાં દેશમાં કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૬૪,૫૩,૭૭૯ છે. સાજા થયેલા અને સક્રિય દર્દીઓ વચ્ચેનો તફાવત વધીને ૫૬ લાખ (૫૬,૪૯,૨૫૧)નો આંકડો ઓળંગી ગયો છે. સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા હાલમાં સક્રિય કેસોની સંખ્યા કરતાં ૮ ગણાથી વધારે છે.સક્રિય કેસોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. હાલમાં સક્રિય કેસોની ટકાવારી દેશમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસોમાંથી માત્ર ૧૦.૯૨% છે અને સક્રિય કેસોનો આંકડો ૮,૦૪,૫૨૮ છે. મોટી સંખ્યામાં દર્દીઓ સાજા થઈ રહ્યાં હોવાથી દેશના સરેરાશ રિકવરી દરમાં સુધારો થતા વધીને ૮૭.૫૬% થઈ ગયો છે.નવા સાજા થયેલા દર્દીઓમાંથી ૭૮% દર્દીઓ ૧૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી હોવાનું નોંધાયું છે. એક જ દિવસમાં ૧૩,૦૦૦ કરતા વધુ દર્દીઓ સાજા થવાની સંખ્યા સાથે સર્વાધિક રિકવરી મામલે મહારાષ્ટ્ર સૌથી ટોચે છે.નવા નોંધાયેલા પોઝિટીવ કેસોમાંથી ૭૯% દર્દીઓ ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. સૌથી વધુ નવા પોઝિટીવ કેસો મામલે પણ મહારાષ્ટ્ર સૌથી ટોચે છે જ્યાં ૧૦,૦૦૦ કરતા વધુ દર્દી એક દિવસમાં નોંધાયા છે જ્યારે ૮,૦૦૦ કરતાં વધારે દર્દી સાથે કર્ણાટક બીજા ક્રમે છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૮૯૫ દર્દીઓના મૃત્યુ થયા છે.મૃત્યુ પામેલા દર્દીઓમાંથી લગભગ ૮૨% મૃત્યુ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નોંધાયા છે જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પંજાબ, ઓડિશા અને દિલ્હી સામેલ છે.નવા નોંધાયેલા મૃત્યુમાંથી ૩૭% કરતાં વધારે દર્દીઓ માત્ર મહારાષ્ટ્રમાં જ મૃત્યુ પામ્યા છે (૩૩૭ મૃત્યુ).૧૩ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ નોંધાયેલો મૃત્યુઆંક રાષ્ટ્રીય સરેરાશ મૃત્યુઆંકની સરખામણીએ વધારે છે.

## માંડવી બંદરિય શહેર નો એક અનુખો સ્વાદનો ચસકો હવે વિન્ડફાર્મ બીચ પાસે







કમલમ દૈનિક,

ગુજરાત સાથે કચ્છ પણ પ્રવાસન ક્ષેત્રે વિકાસ પામી રહ્યું છે ત્યારે કચ્છ નો દરિયા કિનારો એમાં પણ ખાસ માંડવી બંદરિય શહેર નો એક અનુખો પ્રવાસન વિસ્તાર છે ત્યારે અહીં ફરવા આવતા પ્રવાસીઓ અને સ્વાદપ્રિય લોકો માટે અહીં ના સ્થાનિક રહેવાસી અને સામાજીક અગ્રણી વિશાલભાઈ ઠક્કર દ્વારા બીચવ્યુ હોટલ એન્ડ રેસ્ટોરેન્ટ નું આજ રોજ સ્વામિનારાયણ મંદિર ના સંતો વરદ હસ્તે શુભારંભ કરાયો હતું આ રેસ્ટોરન્ટમાં સ્વાદ પ્રિય લોકો માટે અવનવી વાનગીઓ નું નજરાણું પિરસાસે અને ફરવા આવતા પ્રવાસી ઓ ના રહેવા માટે દરિયાકિનારા થી તદન નજીક ઉત્તમ સગવડો મળશે. આ ઉદ્દ્ઘાટન પ્રસંગે સ્વામિનારાયણ ગુરુકુલ ના અક્ષરપ્રકાશ સ્વામી સાથે સંત ગણો, ભારતીય જનતા પાર્ટી ના અગ્રણીઓ, કાર્યકરો સહિત ના મહાનુભવો હાજર રહ્યા હતા.

આશિર વચન આપતાં અક્ષરપ્રકાશ સ્વામી એ જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં આવતા પ્રવાસીઓ માંડવી શહેર તરફ આવતા પ્રવાસીઓ માટે એક નવા સ્વાદિષ્ટ નજરાણું લઈ જાણીતા સામાજિક અગ્રણી વિશાલભાઈ ઠક્કર એ આમ જનતા અને પ્રવાસી ઓ માટે રહેવા ,જમવા તથા ફાસ્ફુડ ની વ્યવસ્થાઓ અંતર્ગત આજ રોજ આ બીચવ્યુ હોટલ એન્ડ રેસ્ટોરેન્ટ નું શુભ પ્રારંભ કરી લોકો ને સરસ સેવાઓ આપવાનું નીર્ધાર કર્યું છે તે દાદ માંગી લે તેમ છે.

# મોડાસામાં લોક વિજ્ઞાન કેન્દ્રે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના જાગૃતિ અંગે બેનર લગાવ્યા





કમલમ દૈનિક, અરવલ્લી

કૉરોના વાઈરસને લઈ અરવલ્લી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં કૉરોના વાઈરસથી બચવા પૉસ્ટર મારફતે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. મોડાસા કૉલેજ કેમ્પસ ખાતે લોક વિજ્ઞાન કેન્દ્ર આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે મ. લા. ગાંધી કેળવણી મંડળના મંત્રી સુરેન્દ્ર શાહના જણાવ્યા અનુસાર કૉરોના વાઈરસથી બચવા માટે જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરી છે અને પૉસ્ટર થકી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આ અભિયાન થકી લોકો સુધી જન જાગૃતિ ફેલાવવામો પ્રયાસ હાથ ધરાશે

# અરવલ્લી જિલ્લા કલેક્ટરે કોરોના મહામારીને નાથવા માટેના શપથ લીધા

## જિલ્લાની વિવિધ કચેરીના અધિકારી/કર્મચારીઓએ પણ પ્રતિજ્ઞા લીધી








કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં ભારત સરકાર ધ્વારા કોવિટડ-૧૯ જન આંદોલન અભિયાન તા. ૭ ઓકટોબર થી સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવેલ છે. આ આંદોલનના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર તથા અધિક જિલ્લા કલેકટરશ્રી આર.જે. વલવી અને જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારી/કર્મચારીઓએ કોરોના મહમારીને અટકાવવા માટે લોકોમાં જાગૃત્તિ આવે અને લોકો માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહી નીકળવા, દરેકથી ઓછામાં ઓછું ૬ ફૂટ નું અંતર જાળવવા,વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝ કરતા રહેવા,પોતાની તથા સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પધ્ધતિઓ અપનાવવા અને યોગ- વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારવા, પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બીમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી અને દરેક અધિકારી/કર્મચારીઓને અનુસવા તથા અરવલ્લી જિલ્લાની જનતાને માહિતગાર કરવા કલેકટરશ્રીએ અપીલ કરી હતી.

# પ્રાંતિજ સલાલ માર્કેટ યાર્ડ માં મગફળી ડાંગરની ખરીદી શરૂ





કમલમ દૈનિક, અરવલ્લી/નનાનપુર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ માર્કેટ યાર્ડ માં જાહેર હરાજી થી મગફળી અને ડાંગરની ખેતી ના પાકોનું વાવેતર વધારે પ્રમાણમાં ખેડૂતો એ કર્યું છે . અને ઉત્પાદનમાં પણ સારી ક્વોલિટી અને વધુ ઉત્પાદન થયું છે ત્યારે પ્રાંતિજ અને સલાલ બંન્ને માર્કેટ યાર્ડોમા ખેડૂતો ને સારો ભાવ અને તોલમાપ માં પણ કોઈ તકલીફ ના પડે તે માટે ખરીદી નું કામકાજ ચાલુ કરેલ હતી નાનું મેનેજર શૈલેષભાઈ પટેલ અને મેનેજર શ્રી રાજુભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે હાલ ડાંગર અને મગફળી ની ખરીદી નુ કામકાજ શરૂ કરી દીધિનુ નિર્ભયસિહ રાઠોડે જણાવ્યું છે

## હું શપથ લઉં છું કે, હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહી નીકળું

# કોવિડ-૧૯ જાગૃતિ માટે શપથનું અમદાવાદ જિલ્લા પંચાયત, વિરમગામ તાલુકા સહિત વિવિધ તાલુકાની સરકારી ઓફિસોમાં વાંચન કરવામાં આવ્યુ

કમલમ દૈનિક, વિરમગામ

ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ જન આંદોલન અભિયાન તારીખઃ-૦૭/૧૦/૨૦૨૦થી સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યુ છે. કોરોના મહામારી અટકાયત અંગે લોકોમાં જનજાગૃતિ આવે અને લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધુએ, સેનિટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફુટનું અંતર રાખે તે બહુ જરૂરી છે. આ જન આંદોલનના ભાગ રૂપે તારીખઃ-૧૫/૧૦/૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ જાગૃતિ માટે શપથનું અમદાવાદ જિલ્લા પંચાયત, વિરમગામ તાલુકા સહિત વિવિધ તાલુકાની સરકારી ઓફિસો તથા ગામોમાં વાંચન કરવામાં આવ્યુ હતુ. આ જન આંદોલનમાં અનેક આગેવાનો, નાગરીકો, ધર્મગુરૂઓ જોડાયા છે.કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન મુજબ અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શિલ્પા યાદવ, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ.ચિંતન દેસાઈ, જિલ્લા ક્વોલીટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ.સ્વામિ કાપડીયા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા સપથ લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, હું શપથ લઉ છું કે હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું.

દરેકથી ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર જાળવીશ. વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝ કરતો રહીશ. મારી તથા મારા સ્વજનોની રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવીશ અને યોગ - વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારીશ તથા મારા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બીમાર લોકોની વિશેષ કાળજી રાખીશ. તેવી પ્રતિજ્ઞા વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જિલ્લામાં લેવામાં આવી હતી.









# સાબરકાંઠા જિલ્લા સમાહર્તા સહિત અધિકારી, કર્મયોગીઓ તેમજ જનપ્રતિનિધિઓ દ્વારા જનજાગૃતિ શપથ લેવાયા

## કોરોના મહામારી સામે ફરજીયાત માસ્ક,સેનીટાઈઝેશન અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીએ-જિલ્લા કલેક્ટરશ્રી

કમલમ દૈનિક,

સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરીમાં જિલ્લા કલેકટરશ્રી સી.જે પટેલે કલેકટર કચેરીના અધિકારીઓ, કર્મયોગીઓ અને જિલ્લામા જનપ્રતિનિધિઓને કોવિડ-૧૯ અંગે જનજાગૃતિના શપથ લેવડાવ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, કોવિડ અંગે લોકોમાં જાગૃતિ આવે તે જરૂરી છે.

કોરોના મહામારીનું સંક્રમણ અટકાવવા તથા લોકોમાં જાગૃતિ આવે અને લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધૂએ, સેનિટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફુટનું અંતર રાખે તે આજના સયમમાં બહુ જરૂરી છે. ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ જન આંદોલન અભિયાન સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે, આ અભિયાનમાં તમામ સરકારી કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ કોર્પોરશનો અને નિગમની કચેરીઓ ઉપરાંત જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધર્મગુરૂઓ, અગ્રણીઓ, મહાજનો અને સમાજના તમામ વર્ગો શપથમાં જોડાઈ માસ્ક પહેરવાની પ્રતિજ્ઞા લેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા સમાહર્તાશ્રીએ હેન્ડ વોશીંગની યોગ્ય પધ્ધતી અંગે પણ અવગત કર્યા હતા. કોવિડ-૧૯ની ગાઈડલાઈન સાથે લોકોની જાગૃતિ માટે શપથ- પ્રતિજ્ઞાનું વાંચન કરવામાં આવ્યું હતું. જેમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવવા અને યોગ- વ્યાયામ વગેરે જીવનશૈલી અપનાવી દરેક વ્યક્તિ પોતાના પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા સહિતના શપથ ગ્રહણ કર્યા હતા. કોરોના સામેની જંગમાં સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, રાજયસભા સાંસદ શ્રીમતિ રમિલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ રતનબેન સુતરીયા, ખેડબ્રહ્માના ધારાસભ્યશ્રી અશ્વિન કોટવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. રાજેન્દ્ર પટેલ તમામ વિભાગોના અધિકારીઓ તથા જિલ્લા પંચાયત તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓ- કર્મચારીઓ વિડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી આ શપતવિધિમાં જોડાઈ શપથ લીધા હતા.

# એસબીઆઈ આરસેટી જૂનાગઢ તથા નાબાર્ડ દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરાયા





કમલમ દૈનિક, જૂનાગઢ

૧૪-૧૦-૨૦૨૦ના રોજ એસ.બી.આઈ. આર.સે.ટી. જૂનાગઢ તથા નાબાર્ડના સયુંકત ઉપક્રમે ૧૩ દિવસીય સોફ્ટ ટોયસ મેકર્સ અને સેલર નો તાલીમ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ હતો. જેમાં તાલીમાર્થીઓને સર્ટિફિકેટ સાથે કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. આ પ્રસંગે નાબાર્ડ ના ડી.ડી.એમ. રાઉત, એલ.ડી.એમ. જૂનાગઢ વાધવાની, એલ.ડી.એમ. ગીર સોમનાથ અશોક વ્યાસ,રોજગાર કચેરી ના શ્રી પ્રજાપતિ, આઈટીઆઈ ના પ્રતિનિધિ શ્રી ગૌસ્વામી તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.



ડીસા સીવીલ હોસ્પિટલ ખાતે નવા આવેલ ખૂબ જ ઉત્સાહી ઓર્થોપેડીક સર્જન ડોક્ટર મયૂરભાઈ જોષી તેમજ ભણસાલી હોસ્પિટલના ઉત્સાહી ઓર્થોપેડીક સર્જન ડોક્ટર દિનેશભાઈ લીંબાચીયાનું સન્માન કરતા ડીસાના શબ્દશિલ્પીઓ કનુભાઈ આચાર્ય,ભગવાનભાઈ બંધુ અને નાથાલાલ ખત્રી..બેઉ ડોક્ટરોને અભિનંદન આપી ઉજ્વળ ભવિષ્ય અને નિષ્ઠાવાન લોકસેવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# રામપુરા માતાજી ના મંદિર પાસે ના ઘોડાના હવનમાં ઘોડાની સાક્ષાત હાજરી.. ભક્તો ધન્ય બન્યા



કમલમ દૈનિક, અરવલ્લી/નનાનપુર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા વહાણવટી માતાજી ના મંદિરે અધિક માસ નિમિત્તે રવીવાર અને મંગળવારે ભવ્ય હોમાત્મક હવનનું સુંદર આયોજન નારાયણદાસ મહારાજ કથાકાર દ્વારા કરવામાં આવે છે અને લોકો તેનો લાભ લઈ ધન્યતા અનુભવે છે આજે ગુરુવારે માતાજી ના મંદિર સામે જ ગોગા મહારાજ નું હવન હતું તે જ વખતે હવનકૂડ પાસે ગોગા મહારાજે હાજરા હજૂર હાજર રહી સ્વપ્રને વધાવ્યુ હોય એમ ભક્તો ને દર્શન વ આપી મંદિર થઈ અદશ્ક થઈ ગયા હતા ભક્તો એ ગોગા મહારાજ અને માતા વહાણવટી સિકોતર મા નો જયજયકાર બોલાવ્યો હતો. ગોગા મહારાજ નાં દર્શન થી લોકો ધન્ય બન્યા હતા

